વાપી • સોમવાર • 19 માર્ચ, 2018 | 2

કૃષિ ભાસ્કર

# અંભેટીમાં મશરૂમની ખેતી અંગે તાલીમ અપાઈ

કૃષિ ભાસ્કર | વાપી

કૌશલ્યવર્ધક તાલીમ થકી બેરોજગાર યુવકોમાં રોજગારી વધારવા માટે સતત સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કૃષિ શ્રેત્રમાં પણ રોજગારીની અનેક તકો રહેલી છે. પારડીના અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પણ સમયાંતરે વિવિધ ખેતી વિષયક તાલીમનું આયોજન કરવામાં આવતું હોય છે.

તાજેતરમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટી દ્વારા ઓઈસર/ઢીંગરી પધ્ધતિથી મશરૂમ ઉત્પાદન અંગેની ચાર દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરાયું હતું. કેન્દ્રના તજજ્ઞ પ્રેમીલાબેન આહિર તથા અરવિંદભાઈ પટેલે વલસાડ, કપરાડા, સંજાણ અને પારડી વિસ્તારના અંદાજે 13 તાલીમાર્થીઓને પ્રાયોગિક તાલીમ આપીને વ્યવસાયિક ઉત્પાદન કરાનારાની મુલાકાત કરાવી હતી.

અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અત્યાર સુધીમાં 70થી વધુ લોકોને મશરૂમ ઉત્પાદન અંગેની તાલીમ આપી ચુક્યા છે જેઓ હાલમાં મશરૂમની ખેતી કરીને રોજગારી પ્રાપ્ત કરી રહ્યા છે. આ પ્રસંગે ગામના અગ્રણીઓ સહિત સ્થાનિક ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહી ખેતી વિષયક તાલીમ મેળવી હતી.